**DATE: 24/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### પ્રદૂષણ માફિયાઓ સામે હવે પોલીસની લાલ આંખ

# હેઝાર્ડસ કમિકલના નિકાલના કેસમાં કંપનીના એમડી સહિત 3ની ધરપકડ

## ગત 14 મી ઓગષ્ટે એસઓજીએ ટેન્કર ઝડપી પાડ્યું હતું

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એસ.ઓ.જી. પોલીસ ટીમે અંકલેશ્વર જી.આઈ.ડી.સી વિસ્તારમાં મહેસાણા ઓમ રોડ લાઈન્સ માલિક કેતન પટેલ નું ટેન્કર માંથી માનવજીવન અને જીવ સૃષ્ટીનો નુકશાન કારક કેમિકલ વેસ્ટ ભરી કોઈ જગ્યા ખાલી કરવા જતા રાજપીપળા ચોકડી થી પકડી પાડ્યું હતું.

તપાસમાં ટેન્કરમાં ભરેલ કેમિકલ વેસ્ટ અંકલેશ્વર જીઆઈડીસીમાં આવેલ એસ.પી.સી લાઈફ સાયન્સ કંપનીમાંથી ભરેલ હોવાનું બહાર આવ્યું હતું. પોલીસ એ એફ.એસ.એલ તેમજ જીપીસીબીના અધિકારી દ્વારા સેમ્પલ લેવડાવી અને ચકાસણી કરાઈ હતી. ડ્રાઈવર દ્વારા રજુ કરવામાં આવેલ બીલ ચકાસતા ખોટી મેનિફેસ્ટ અને ખોટા બિલ હોવાનું ખુલ્યું હતું. ભરૂચ એસ.ઓ.જી એ વડોદરા સેવાસી ખાતે રહેતા એસ.પી.સી લાઈફ સાયન્સ કંપની એમ.ડી. સ્નેહલ રાવજી પટેલ, કંપનીના સી.ઈ.ઓ જિમિશ શૈલેષ ગોહેલ અને જીતાલી ના યુનિટ હેડ આકાશ ધનજી ક્લાલની ધરપકડ કરી છે. જ્યારે મહેસાણા ઓમ રોડલાઈન્સ કેતન પટેલ વોન્ટેડ જાહેર કર્યો છે. આરોપી ટેન્કરમાં કેમિકલ વેસ્ટ ભરી અમદાવાદ નજીક નાળા કે ગટરમાં બારોબાર નિકાલ કરતા હતા.



### પ્રદૂષણ માફિયા સામે હવે સીધી જ એફઆઈઆર

છેલ્લા 2 મહિના માં ભરૂચ જિલ્લા પોલીસ એલ.સી.બી. એસ.ઓ.જી અને શહેર બી ડીવીઝન 4 જેટલા ટેન્કર પકડી ગુના દાખલ કરી પર્યાવરણ અને માનવ અને પશુ ઓના જીવ જોખમ માં મુકતા પ્રદૂષણ માફિયાઓ સામે કાર્યવાહી કરી ગુનો દાખલ કરી રહ્યા છે. આગામી દિવસોમાં પણ પોલીસ દ્વારા આ કાર્યવાહી ચાલુ રહેશે તેમ જણાવ્યું હતું.

### જીપીસીબીનો બોગસ મેનીફેસ્ટો બનાવ્યો હતો

ડ્રાઈવર દ્વારા રજૂ કરેલ બીલ તેમજ જીપીસીબી ની ઓનલાઈન વેબસાઈટમાં ચકાસતા ખોટી મેનિફેસ્ટ અને ખોટા બનાવ્યા હતા. ઘટના માં હિંમતનગર ની ઈકો વેસ્ટ મેનેજમેન્ટ કંપની નું બિલિટી બનાવી અમદાવાદ ખાતે જાહેર માં નાળા માં નિકાલ કરવા ના હતા. તે તપાસ માં સામે આવ્યું છે. પોલીસ દ્વારા કંપની માલિક , તેમજ અધિકારીઓ મળી 3 ની ધરપકડ કરી છે. જ્યારે ટ્રાન્સપોર્ટર ને વોન્ટેડ જાહેર કર્યો છે. » ચિરાગ દેસાઈ, ડી.વાય .એસ.પી અંકલેશ્વર

### સુરતના બોરસરા ગામની ઘટના જેવી સામ્યતા

કુખ્યાત વેસ્ટ કેમિકલ માફિયા મહંમદ ચીકણા ની જે રીતે ઉદ્યોગો નું પ્રદુષિત કેમિકલ અને વેસ્ટ નો નિકાલ કરી રહ્યો હતો. જેને લઈ 3 વ્યક્તિ એ જીવ ગુમાવ્યો હતો. તેજ રીતે મહેસાણા ઓમ રોડલાઈન્સ કેતન પટેલ પણ કંપની માંથી વેસ્ટ મટીરીયલ મેળવી પોલીસ થી બચાવતા ખોટા બિલ તેમજ જીપીસીબી ના મેનીફેસ્ટો ની ખોટી નકલ ઉભી કરી અત્યંત જોખમી વેસ્ટ નો જાહેર માં ગમે ત્યાં નિકાલ કરી રહ્યો હતો.

### ભરૂચ એસઓજીની ટીમે બાતમીના આધારે દરોડો પાડ્યો

# અંસાર માર્કેટમાંથી 32 હજારનો ભંગાર ભરેલી પીકઅપ ઝડપાઈ

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર વિસ્તારમાં એસઓજીની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન અંસાર માર્કેટ માં મસ્જિદ પાછળ આવેલ નદીમ નામના શખ્સ ની ગોડાઉન બહાર શંકાસ્પદ લોખંડ ના ભંગાર નો જથ્થો ભરેલી પીકઅપ ગાડી ઉભી છે.



જેના આધારે અંસાર માર્કેટ માં ગોડાઉન બહાર તપાસ કરતા બોલેરો પીકઅપ ગાડી મળી આવી હતી એસઓજી પોલીસે પીક અપ ગાડીમાં તપાસ કરતા લોખંડના પાઈપો સહીત ના ભંગારનો કુલ 32 હજારનો જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ભરૂચના ઝાડેશ્વર ખાતે રહેતા અને મૂળ રાજસ્થાન ના પીકઅપ ચાલક ભેરુલાલ ગુર્જર ને પાઈપો સહીત ના ભંગાર ના જથ્થા અંગે બીલ સહીત ના દસ્તાવેજ માંગતા તેણે રજુ ન કરી ને સંતોષકારક જવાબ ન આપતા તેની ધરપકડ કરી હતી.

**DATE: 24/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–03**

## ભરૂચ જિલ્લા અને શહેર ટ્રાફિક પોલીસ દ્વારા કાર્યવાહી કરાઇ

# ભરૂચના નર્મદા મૈયા બ્રિજ નીચે પાર્ક કરેલા વાહનો ડિટેન કરાયાં

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

ભરૂચ જિલ્લા અને શહેર ટ્રાફિક પોલીસ દ્વારા નર્મદા મૈયા બ્રિજ નીચે પાર્ક કરેલા વાહનો ડિટેન કરીને તેમના માલિકો સામે દંડનીય કાર્યવાહી કરવામાં આવતાં વાહન ચાલકોમાં ફફડાટ ફેલાઈ ગયો છે.



આજ ભરૂચ જિલ્લા અને શહેર ટ્રાફિક પોલીસ દ્વારા એક ટ્રાફિક ડ્રાઈવ અંતર્ગત ભરૂચ શહેરના નર્મદા મૈયા બ્રિજ નીચે નો પાર્કિંગ હોવા છતાંય ઘણાં બધાં નોકરિયાત અને અન્ય લોકો પોતાની બાઈકો અને વાહનો પાર્ક કરીને જતાં રહે છે. જેના કારણે આ સ્થળેથી પસાર થતાં અનેક લોકોને મુશ્કેલીઓનો સામનો કરવો પડતો હોય છે. જેની ઘણી ફરિયાદો જિલ્લા ટ્રાફિકના પીઆઈ એસ.બી.ગાવીત અને શહેર ટ્રાફીકની ટીમે આજ રોજ બૌડા સર્કલ નજીક બ્રિજ નીચે પાર્ક કરેલા વાહનોને ડિટેન કરીને તેને લોક કર્યા હતા.

જોકે આ વાહન ચાલકો અલગ અલગ કંપનીઓમાં ફરજ બજાવતાં હોય વહેલી સવારે અહીંયા વાહનો પાર્ક કરીને જતા રહ્યા બાદ ગમે ત્યારે આવીને વાહનો લઈ જતા હોય છે.હાલમાં પોલીસે આ વાહનોને ડિટેન કરી તેના વાહન માલિકો સામે દંડનીય કાર્યવાહી કરીને હવે પછી અહીંયા નો પાર્કિંગ ઝોનમાં વાહનો પાર્ક નહિ કરવા માટે અપીલ કરી હતી.

**DATE: 24/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### ભરૂચ એલસીબીની ટીમે શખ્સ પાસેથી કુલ 1.45 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

# હસ્તી તળાવ પાસે 750 કિલો અખાદ્ય ગોળના જથ્થા સાથે એક શખ્સ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે અંકલેશ્વરના હસ્તી તળાવ પાસેથી શંકાસ્પદ જોગરી પાવડર 1500 કિલો અને ગોળ 750 કિલો મળીને કુલ 1.45 લાખનો મુદ્દામાલ સાથે એક ઈસમને ઝડપી પાડ્યો છે.

ભરૂચ એલસીબી ની ટીમને માહિતી મળી હતી કે, અંકલેશ્વર ના ચૌટા નાકા તરફથી ગડખોલ પાટીયા તરફ એક ટેમ્પામાં અખાદ્ય ગોળ ભરીને આવી રહ્યો છે.જે માહિતીના આધારે પોલીસે હસ્તી તળાવ નજીક વોચ ગોઠવીને માહિતી વાળો ટેમ્પો આવતા તેને રોકી તલાશી લેતા તેમાં જોગરી પાવડર ભરેલા મીણીયા કોથળામાં નંગ-50 માં 1500 કિલો કિ.રૂ. 30 હજાર તથા ગોળ ના પતરા ના ડબ્બા નંગ-30 માં 750 કિલો કિ.રૂ.15 હજાર તથા ટેમ્પો કિ.રૂ.



1,00,000 તથા મોબાઈલ નંગ-01 કિ.રૂ.500 મળી કુલ કિ.રૂ. 1,45,500 ના મુદ્દામાલ સાથે કમલેશ ગીરધરભાઈ વસાવાને ઝડપી પાડ્યો હતો.પોલીસે તેની CRPC કલમ મુજબ અટકાયત કરીને વધુ અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસે વધુ તપાસ અર્થે સોંપ્યો છે.

# નેત્રંગમાંથી અખાદ્ય ગોળ, મહુડો ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | નેત્રંગ

નેત્રંગ પોલીસની ટીમે બાતમીના આધારે નેત્રંગ ગામમાં આવેલાં ભેરુનાથ ટ્રેડર્સ અને એપીએમસી માં ગોપાલ ભોમરાજ રૂપાજી ગુર્જર ગેરકાયદેસર રીતે ફટકડી અને નવસાર સહિત અખાદ્ય ગોળના જથ્થાનું વેચાણ કરી રહયો છે જેવી માહિતી ના આધારે નેત્રંગ પોલીસે તપાસ કરતાં અખાદ્ય ગોળ મહુડા ના ફૂલો મળી 1.80 લાખનો મુદ્દામાલ કબ્જે કરી તેની સામે ગુનો નોંધી આગળની કાર્યવાહી હાથ ધરી છે

**DATE: 24/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## એલસીબીની ટીમે દરોડો પાડ્યો હતો

# રાજપારડીમાંથી 73 હજારનો દારૂ પકડ્યો, બૂટલેગર વોન્ટેડ

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચની ટીમે ઝઘડિયા તાલુકાના રાજપારડી ખાતે સડક ફળિયામાંથી વિદેશી દારૂનો રૂ.73 હજાર નો જથ્થો ઝડપી લઈને આ ગુના હેઠળ એક ઈસમને વોન્ટેડ જાહેર કરીને આ બાબતે રાજપારડી પોલીસ મથકે ફરિયાદ લખાવી હતી.

એલસીબી ની ટીમને રાજપારડી પોલીસ મથક વિસ્તારમાં પેટ્રોલીંગ દરમિયાન બાતમી મળી હતી કે રાજપારડી ટાઉનમાં સડક ફળિયા ખાતે રહેતો સુનિલભાઈ મયજીભાઈ વસાવાએ તેના ઘરમાં ઈંગ્લીશ દારૂનો જથ્થો લાવીને સંતાડી રાખેલ છે. એલસીબી ની ટીમે બાતમી મુજબના સ્થળે રેઈડ કરતા ઘરમાં કોઈ હાજર મળી આવેલ નહી. તપાસ દરમિયાન ઘરમાંથી પ્રતિબંધિત ભારતીય બનાવટના વિદેશી દારૂનો રૂપિયા 73 હજાર નો જથ્થો મળી આવ્યો હતો. લોકલ ક્રાઈમ બ્રાન્ચ દ્વારા વિદેશી દારુનો આ જથ્થો કબજે લઈને આ ગુના હેઠળ ઘરે હાજર નહી મળેલ સુનિલભાઈ મયજીભાઈ વસાવાને વોન્ટેડ જાહેર કર્યો હતો.

# ઝઘડિયાના નાનાસાંજા ગામ નજીક નિયમ ભંગ કરતી ૧૭ ટ્રક પકડાઈ

ઝઘડિયા તા.૨૩

ભરૂચ જિલ્લાના ઝઘડિયા તાલુકામાંથી પસાર થતા સરદાર પ્રતિમા રાજ્ય ધોરીમાર્ગ પર દોડતા ભારે વાહનો નિયમો જાળવતા નથી.ગતરોજ ઝઘડિયા પોલીસ દ્વારા ગુમાનદેવ ફાટકથી આગળ નાનાસાંજા ગામ નજીક માતૃકૃપા (સનસાઈન) કોલસા ડેપો કેટલીક નિયમભંગ કરતી ટ્રકો વિરૂધ્ધ ગુનો નોંધાયો હતો.સામાન્ય રીતે અન્યને અડચણરૂપ થાય તેમજ બીજાને નુકશાન થાય એમ બેફિકરાઈથી વાહન હંકારાતા હોવા બાબતે આવા વાહનો વિરૂધ્ધ ગુનો નોંધાતો હોય છે.

## દહેજ તરફથી ઝઘડિયા આવતી કોલસીની ટ્રક ઓવરલોડ જથ્થો ભરી આવતી હોવાથી ગુનો દાખલ

ગઈકાલથી અત્યાર સુધી આ લખાય છે ત્યાં સુધીમાં નિયમ ભંગ કરતી કુલ ૧૭ જેટલી ટ્રકો પોલીસની પકડમાં આવી છે.ગતરોજ તા.૨૨ મીએ સાંજે ૪ વાગ્યા દરમિયાન દહેજથી ઝઘડિયા તરફ ઓવરલોડ જથ્થામાં કોલસી ભરી આવતી ટ્રકો બાબતે પણ થોડો વિવાદ જોવા મળ્યો હતો.કોલસી ભરી આવતી ઓવરલોડ ટ્રકો વિષે જવાબદાર વિભાગને જણાવાયું હતું.તે દરમિયાન સ્થાનિક પોલીસ એકશનમાં આવી હતી .નાનાસાંજા નજીક માતૃકૃપા (સનસાઈન) કોલસા ડેપો પાસે વાહન ચેકિંગ હાથ ધરી નિયમ ભંગ કરનાર વાહનો પ્રત્યે સપાટો બોલાવ્યો હતો.જોકે પોલીસ ચોપડે નોધાયેલી ફરિયાદોમાં ઓવરલોડ કોલસી, વાહનોના દસ્તાવેજ વગેરે જો નિયમભંગ થયા હોય તો તેવા કોઈ આરોપોનો ઉલ્લેખ જોવા નહી મળતા આશ્ચર્ય સર્જાયુ છે.દહેજ તરફથી ઝઘડિયા આવતી કોલસીની ટ્રકો ઓવરલોડ જથ્થો ભરી આવતી હોવા પછી તેમની વિરુદ્ધ જવાબદાર પોલીસ આરટીઓ વિભાગ પગલા ભરતા નથી આટલા વાહનો સામે કાર્યવાહી કર્યા પછી પણ આ લખાય છે ત્યારે સરદાર પ્રતિમા ધોરીમાર્ગ પર અસંખ્ય વાહનો ધોરીમાર્ગના એક આખો ટ્રેક રોકી પાર્ક કરેલી હાલતમાં જોવા મળ્યા હતા.

**DATE: 24/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

## યુવતી બાથરૂમમાં સ્નાન કરી રહી હતી

# કબુતર પકડવાને બહાને પાઈપ પર ચઢી યુવતિનો વીડિયો ઉતાર્યો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના વિસ્તારમાં પોતાના સંબધી ના ઘરે રહેતા એક યુવકને મોબાઈલમાં પોર્ન વીડિયો જોવાની આદત છે. તેની આ આદતના કારણે હાલમાં તેને જેલમાં જવું પડ્યું છે.

આ યુવક અંકલેશ્વરના એક એપાર્ટમેન્ટમાં કબૂતર પકડવાના બહાને બાથરૂમના પાઈપ પકડી ઉપર ચઢી ત્યાંથી બાથરૂમમાં સ્નાન કરતી મહિલાનો વીડિયો ઉતારી રહ્યો હતો.આ સમયે મહિલા એ તેને જોઈ લેતા બૂમાબૂમ કરતા તે યુવાન ગભરાઈને નીચે ઉતરી ગયો હતો. આ યુવકની હરકતથી ગભરાઈ ગયેલી મહિલા એ 181 મહિલા હેલ્પલાઈન માં કોલ કરી તેનો વીડિયો વાયરલ થવાની બીક લાગતી હોય મદદ માંગી હતી. 181ની ટીમ એ કોલ મળતાં જ તાત્કાલિક રેસ્ક્યુ વાન સાથે સ્થળ પર પહોંચી મહિલા સાથે વાતચીત કરીને વીડિયો ઉતારનાર યુવકને પકડી પાડયો હતો.181ની ટીમ યુવકનો મોબાઈલની ગેલેરીમાં તપાસ કરતાં મહિલાની સ્નાન કરતી વાંધાજનક વીડિયો ક્લિપ તેના મોબાઈલમાંથી મળી આવી હતી. જ્યારે અનેક પોર્ન વીડિયો પણ તેમાંથી મળ્યા હતા. જોકે આ રીતે સ્નાન કરતી મહિલાનો વાંધાજનક વીડિયો બનાવવો ગુનો બનતો હોય છે.જેના પગલે યુવાનને પોલીસને હવાલે કરવામાં આવ્યો હતો.

**DATE: 25/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER GUJARAT SAMACHAR PAGE–01**

# દૂધ આપવા જતી સગીરાની છેડતી કરનાર બે રોમિયોની ધરપકડ

અંકલેશ્વર તા.૨૪

અંકલેશ્વરમાં ત્રણ દિવસ પહેલા એક્ટિવા પર કાકાના ઘરે દૂધ આપવા જતી સગીરાની છેડતી કરનાર બે રોમિયોની પોલીસે ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

## છેડતી કરતા સમયે નજીકમાં રહેતી એક વ્યક્તિએ ઠપકો આપતા આરોપીઓ ભાગી ગયા હતા

ગત તા.૨૧મી ઓગસ્ટના રોજ અંકલેશ્વરની એક સગીરા એક્ટિવા પર કાકાના ત્યાં દૂધ આપવા જતી હતી.તે દરમિયાન બાઈક લઈ વિશાલ સેગા વસાવાએ તેનો પીછો કર્યો હતો.

સગીરાને માર્ગમાં આંતરી આરોપીએ મારી સાથે બોલવુ છે તેમ કહી ડ્રેસ ખેંચી છેડતી કરી હતી.નજીક રહેલા એક વ્યક્તિએ ઠપકો આપતા આરોપી ભાગી ગયો હતો.જે બાદ ફરી સગીરાના કાકાના ઘર નજીક તેને આંતરી વિશાલ અને સાગર વસાવાએ છેડતી કરી હતી.જેને પગલે સગીરાએ બુમરાણ મચાવતા આરોપીઓ ભાગી ગયો હતો.આ બનાવ અંગે પોલીસ મથકે ફરિયાદ નોંધાઈ હતી.પોલીસે ગુનો નોંધી ગણતરીના દિવસોમાં બંને રોમિયોની ધરપકડ કરી વધુ તપાસ હાથ ધરી હતી.

# અંકલેશ્વરમાં રૂા. ૩.૨૫ લાખના મુદ્દામાલ સાથે ૪ જુગારી પકડાયા

અંકલેશ્વર-હાંસોટ માર્ગ પર બોરિદ્રા ગામ નજીક બાવળના ઝાડ નીચેથી જુગારધામ ઝડપી રૂ. ૩.૨૫ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. મળતી માહિતી અનુસાર, અંકલેશ્વર શહેર પોલીસ મથકનો સ્ટાફ પેટ્રોલિંગમા હતો. તે દરમિયાન બાતમી મળી હતી કે, અંકલેશ્વર-હાંસોટ માર્ગ ઉપર કડકીયા કોલેજ નજીક આવેલ બોરિદ્રા ગામ જવાના માર્ગની બાજુમાં બાવળના ઝાડ નીચે ખુલ્લી જગ્યામાં જુગારધામ ચાલી રહ્યો છે. જે બાતમીના આધારે પોલીસે સ્થળ પર દરોડા પાડ્યા હતા. પોલીસે સ્થળ પરથી રોકડા રૂ. ૪ હજાર અને ૪ મોબાઈલ તેમજ એક ઈકો કાર મળી કુલ રૂ. ૩.૨૫ લાખથી વધુનો મુદ્દામાલ જપ્ત કરી ૪ જુગારીઓ વિરુદ્ધ પોલીસે કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

**DATE: 25/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER SANDESH PAGE–07**

### ભરૂચના બી.ડિવિઝન પોલીસ મથકમાં લોક દરબાર યોજાયો

# લોકોની સમસ્યા હલ કરવાની ખાત્રી આપતા જિ.પોલીસ વડા

## લોકોએ વિવિધ પ્રશ્નો અને સમસ્યાઓ અંગે રજુઆત કરી

| ભરૂચ |

ભરૂચ જિલ્લામાં હાલમાં નવા નિમાયેલા જિલ્લા પોલીસવડા મયુર ચાવડાએ બી.ડીવીઝન પોલીસ મથક ખાતે યોજાયેલ લોક દરબારમાં હાજરી આપી હતી. જો કે જિલ્લા પોલીસવડાએ આ અંગે તાત્કાલીક યોગ્ય પગલાં ભરવા ખાત્રી આપી હતી.

આ દરબારમાં બી.ડીવીઝન પોલીસ વિસ્તારના ફુરજા, ચારરસ્તા, ફાટાતળાવ, જંબુસર બાયપાસ વિસ્તાર, સોસાયટી વિસ્તાર, કાળી તલાવડી, બંબાખાના અને અન્ય વિસ્તારના આશરે ૫૦ કરતા વધુ આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આગેવાનોમાં ભરૂચ નગરપાલિકાના વોર્ડ નં.૮ ના નગરપાલિકા સભ્ય પ્રવિણ પટેલ તેમજ અન્ય સભ્યો પણ ઉપસ્થિત રહ્યા હતા. ખુબ હળવા વાતાવરણમાં યોજાયેલ લોક દરબારમાં ઉપસ્થિત લોકોએ વિવિધ પ્રશ્નો અને સમસ્યાઓ અંગે રજુઆત કરી હતી. સૌપ્રથમ આ વિસ્તારોમાં ટ્રાફીકની સમસ્યા અંગે પણ રજુઆત કરાઈ હતી. જે અંગે જિલ્લા પોલીસવડા મયુર ચાવડાએ જણાવ્યુ હતુ કે, ટ્રાફીકની સમસ્યા અંગે તમામ ઉપાયો પોલીસ તંત્ર દ્વારા કરવામાં આવશે અને થોડા જ દિવસોમાં આ સમસ્યા હળવી થઈ જાય તે અંગે પણ તેમણે જણાવ્યુ હતુ. સાથે પ્રજાના સાથ સહકારની પણ ટ્રાફીક સમસ્યા ઉકેલવામાં જરૂર હોવાનું જિલ્લા પોલીસવડાએ કહ્યુ હતુ. ભરૂચ બી.ડીવીઝન પોલીસ વિસ્તારમાં અગાઉના સમય કરતા હાલના સમયમાં કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિ સારી હોવાનું લોકોએ જણાવ્યુ હતુ. તે સાથે સાથે કેટલાક લોકોએ એવી રજુઆત પણ કરી હતી કે, કેટલાક અસામાજીક તત્વો માદક દ્રવ્યોનું વેચાણ કરતા હોવાની ચર્ચાઓ ચાલી રહી છે.

**DATE: 25/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### એલસીબીની ટીમને સફળતા, અન્ય એક ઇસમ વોન્ટેડ

# અવિધા ગામે થયેલ પશુની ચોરી કરનારા બે ગઠિયાઓ ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | ઝઘડિયા

ભરૂચ લોકલ ક્રાઈમ બ્રાન્ચના પીએસઆઈ પી.એમ.વાળા ટીમ સાથે નાઈટ પેટ્રોલીંગમાં હતા તે દરમિયાન બાતમી મળી હતી કે અગાઉ પશુ ચોરીમાં પકડાયેલ નબીપુરનો મુર્તજા ધોકડીયા તથા તેનો સાગરીત ભરૂચ શહેર ડુંગરી વિસ્તારમાં આવેલ શાહજહાં ગ્રાઉન્ડમાં અંધારામાં બે શંકાસ્પદ ભેંસો સગેવગે કરે છે , એલસીબીની ટીમે મળેલ બાતમી મુજબના




સ્થળે જઈને શંકાસ્પદ મનાતી ભેંસો સાથે બે ઈસમોને ઝડપી લઈને સદર ભેંસોની માલિકી અંગે પુછપરછ કરતા તેઓ પુરાવો રજુ કરી શકેલ નહીં, પોલીસની પુછપરછ દરમિયાન સદર ઈસમો ભાંગી પડ્યા હતા અને તેઓ બંનેએ ભેંસો ચોરી કરવા સબબની કબુલાત કરી હતી.

**DATE: 25/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### રૂપિયા, મોબાઈલ- બાઈક મળી 67 હજારનો મુદ્દામાલ જપ્ત

# સામોર ગામ ખાતે ખાડી કિનારે જુગાર રમતા 11 જુગારી ઝબ્બે

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર



અંકલેશ્વર બી ડિવિઝન પોલીસ ની ટીમ પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી કે સામોર ગામ ની સીમ માં ખાડી નજીક ખેતર માં મોટાપાયે જુગાર રમાઈ રહ્યો છે. જે માહિતી આધારે પોલીસે દરોડા પાડ્યા હતા. જ્યાં જુગાર રમતા સંજય પટેલ, કાલિદાસ ઉર્ફે કાલુ વસાવા, ગૌરવ ઉર્ફે ગવુ વસાવા , નિલેશ વસાવા , વિજય વસાવા, સંજય ડોડીયા અને સંજય વસાવા ને રંગેહાથ ઝડપી પાડ્યા હતા પોલીસે સ્થળ પરથી કુલ 67300 રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. આ ઉપરાંત જુગાર ના દરોડા દરમિયાન પોલીસ જોઈ ને સ્થળ પરથી ભાગી છૂટેલા અરવિંદ વસાવા, ધર્મેશ વસાવા, વિજય વસાવા, શુક્લ વસાવા અને દિનેશ વસાવા ને વોન્ટેડ જાહેર કર્યા હતા જેને ગણતરીના કલાકોમાં પોલીસે ઝડપી પાડી જેલ ભેગા કર્યા હતા.

**DATE: 25/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### 4 મોબાઈલ, ઇકો મળી 3.25 લાખનો મુદ્દામાલ જપ્ત કર્યો

# કડકિયા કોલેજ પાસે ઝાડીઓમાં જુગાર રમતા ચાર ખેલી ઝડપાયા

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

શહેર એ ડિવિઝન પોલીસ એ કડકિયા કોલેજ થી બોઈદરા ગામ જતા માર્ગ પર બાવળની ઝાડી માં જુગાર રમતા 4 ખેલી ઝડપાયા હતા. પોલીસે 4 મોબાઈલ ઈકો કાર અને રોકડ મળી 3.25 લાખ રૂપિયા નો મુદ્દામાલ જપ્ત કર્યો હતો. શ્રાવણ માસ ચાલી રહ્યો છે તેમ તેમ કળિયુગી શકુનિઓ ઝડપાઈ રહ્યા છે

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ ની સર્વેલન્સ ના યુવરાજસિંહ તેમજ સાથી ટીમ પેટ્રોલિંગ માં હતા તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી કે કડકીયા કોલેજ થી આમલાખાડી બાજુ માં બોઈદરા ગામ તરફ માર્ગ પર બાવળ ની ઝાડી માં જુગાર રમાઈ રહ્યો છે. જે આધારે પોલીસે દરોડા પાડ્યા હતા. જ્યાં રોડ સાઈડ બાવળની ઝાડી નીચે ખુલ્લા માં જુગાર રમતા સતીષ દેવરાવ થોરાટ, દિપક રમેશ સુતેલ , હિતેશ છોટુ પટેલ અને રસિક મણિલાલ સોલંકી ને પત્તા-પાનાનો હારજીતનો જુગાર રમતા રંગે હાથ ઝડપી પડ્યા હતા. પોલીસે દાવ પર લાગેલા 4670 રૂપિયા તેમજ 4 મોબાઈલ કિંમત રૂપિયા 20,500 અને ફોરવીલ કાર કિંમત રૂપિયા 3 લાખ મળી કુલ 3.25 હજાર નો મુદ્દામાલ જપ્ત કરી ચારેય જુગારી ની જુગાર ધારા હેઠળ ધરપકડ કરી વધુ તપાસ આરંભી હતી.

**DATE: 25/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

# મિલકત માટે વિધવા વહુને સાસરિયાનો ત્રાસ

ભરૂચ | ભરૂચ જિલ્લાના નેત્રંગની એક મહિલાના પતિ નુ અવસાન થયા બાદ ચાર નાના બાળકોનું મજૂરી કરી પોતાનું જીવન ગુજારતા હતા. તેમના દિયર અને સસરા પીડિતાના પતિ મૃત્યુ પામ્યા હોવાથી પ્રોપર્ટી માં ભાગ નહી મળે તેમ કહી ઘર છોડી પિયર જતા રેહવાનું કહેતા મહિલાએ ભરૂચ અભયમ ની મદદ માગી હતી જેથી અભયમ દ્વારા દિયર અને સાસરા નુ અસરકારક કાઉન્સિલિંગ કરતા જણાવવામાં આવયુ કે વિધવા ને મદદ કરવાને બદલે તેના પતિ ની પ્રોપર્ટી પડાવી લેવી કાયદાકીય અપરાધ છે તેમ સમજાવી સમાધાન કરાવ્યું હતું.

### પોલીસે બૂટલેગરના ઘરે દરોડો પાડ્યો હતો

# નવા દીવા ગામે ઝડપાયેલા દારૂના કેસનો વોન્ટેડ ઝબ્બે

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસે નવા દીવા ગામ ખાતે શ્યામજી ફળીયામાં કુખ્યાત બુટલેગર આકાશ વસાવા ને ત્યાં દરોડા પડ્યા હતાં.

જ્યાં ઘર માં લાકડાના કબાટ માં ઈંગ્લીશ દારૂની 750 એમ.એલ ની 14 બોટલ મળી આવી હતી. જે દરોડા માં આકાશ વસાવા ફરાર થઇ ગયો હતો. જ્યારે તેને દારૂ આપનાર રોહિત વસાવા પણ ફરાર થઇ ગયો હતો. પોલીસે બંને ને વોન્ટેડ જાહેર કરી 5600 રૂપિયા નો દારૂ નો જથ્થો જપ્ત કરી પ્રોહિબિશન એક્ટ હેઠળ ગુનો નોંધી વધુ તપાસ આરંભી હતી. છેલ્લા 5 દિવસથી ફરાર બંને બુટલેગર અંગે ગત રોજ શહેર એ ડિવિઝન પોલીસ ને ચોક્કસ માહિતી મળતા નવા દીવા ગામ ખાતેથી ઝડપી પાડ્યા હતા. આકાશ વસાવા અને દારૂ આપનાર રોહિત વસાવા ની ધરપકડ કરી ઈંગ્લીશ દારૂ ક્યાં થી અને કોની પાસે થી લાવ્યા હતા તે અંગે પૂછપરછ શરુ કરી હતી.

### એલસીબી પોલીસે ઝડપી પાડેલો ટેમ્પો છોડવા નશેબાજ ઇસમે ધમાલ મચાવી

# અંકલેશ્વરની રાજપીપળા ચોકડીએથી શંકાસ્પદ ભંગાર ભરેલો ટેમ્પો ઝડપાયો

ભાસ્કરન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એલસીબી પોલીસની ટીમ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી. તે દરમિયાન ચોક્કસ માહિતી મળી હતી. અંકલેશ્વર તરફ થી રાજપીપળા ચોકડી નજીક લોખંડ ભંગાર નો શંકાસ્પદ જથ્થો ભરી ટેમ્પો આવી રહ્યો છે.

જે આધારે પોલીસે વોચ ગોઠવી માહિતી આધારે નો ટેમ્પો આવતા જ અટકાવી તેની તલાસી લેતા અંદર થી ભંગાર નો વિપુલ જથ્થો મળી આવ્યો હતો. પોલીસે ટેમ્પો ચાલક સન્ની મુન્ના ગૌડ ની પૂછપરછ કરતા આ ટેમ્પો જોગીન્દર પ્રસાદ નો હોવાનું અને ભંગાર નો જથ્થો અંકલેશ્વર શહેર માં પારસ મારવાડી ને ત્યાં થી જોગિન્દર પ્રસાદ ના ગોડાઉન ખાતે લઈ જઈ રહ્યો હતો. ભંગાર ના જથ્થા અંગે જરૂરી બિલ તેમજ અઢાર પુરાવા માંગતા સન્ની ગૌડ ગલ્લા-તલ્લા કરવા ટીમે કુલ 5,55,700 રૂપિયા નો મુદ્દામાલ જપ્ત કરી શહેર બી ડિવિઝન પોલીસ ના હવાલે કર્યો હતો.

અત્રે ઉલ્લેખનીય છે કે પોલીસ ટેમ્પો પકડાતા સન્ની ગૌડ નો ગડખોલ પાટિયા નીરવ કુંજ ખાતે રહેતો મિત્ર કુંદન દૂબે નશા ની હાલત માં રાજપીપલા ચોકડી દોડી આવ્યો હતો. અને મારા મિત્ર નો ટેમ્પો કેમ પકડ્યો છે. તેને છોડી મુકો નહિ તો બહુ સારું નહિ થાય જેવી ગર્ભિત ધમકી નશામાં ઉચ્ચારી ભારે ધમાલ મચાવી હતી. સમજાવટ છતાં ના માનતા અંતે એલસીબી પોલીસ એ તેના વિરુદ્ધ પ્રથમ એક ફરિયાદ પોલીસ કામ માં અડચણ ઉભી કરવા ની અને બીજી પ્રોહિબિશન એક્ટ હેઠળ ની ફરિયાદ બી ડિવિઝન પોલીસ મથકે નોંધાવી હતી.

## પોલીસે 50 હજારનો મુદ્દામાલ જપ્ત કર્યો

# શ્રાવણિયો જુગાર રમતા ત્રણ ઝડપાયા : એક ફરાર

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંક્લેશ્વર તાલુકાના નવા બોરભાઠા ગામની નવીનગરી પાસેથી શહેર એ ડિવિઝન પોલીસે શ્રાવણીયો જુગાર રમતા ત્રણ જુગારીયાઓ ને ઝડપી પાડી રોકડ રકમ એક એક્ટીવા અને મોબાઈલ મળી કુલ રૂપિયા 50 હજાર 900 નો મુદ્દામાલ જપ્ત કર્યો છે.

અંક્લેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ ની ટીમ પેટ્રોલિંગ હતી તે દરમ્યાન નવા બોરભાઠા ગામ ની નવી નગરી પાસે બાવળની ઝાડી માં જુગાર રમાય રહ્યો હોવાની મળેલી માહિતી ના આધારે રેડ કરતા જુગાર રમતા સુરેશ રેવા દાસ વસાવા ,અશોક મંગળ પટેલ ,અને સુરેશ ઉક્કડ વસાવા ને પકડી પાડયા હતા.પોલીસે તેઓ પાસેથી રોકડા રૂપિયા 14.900 ,અને 30 હજારની એક્ટીવા તેમજ 6 હજારના બે મોબાઈલ મળી કુલ રૂપિયા 50.900 નો મુદ્દામાલ જપ્ત કરી અજય પરમાર ને વોન્ટેડ જાહેર કરી તેની ધરપકડના ચક્રો ગતિમાન કર્યા હતા.

**DATE: 26/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–03**

### નેત્રંગ પોલીસે 1.80 લાખના મુદ્દામાલ સાથે ગોપાલ ગુર્જરને ઝડપ્યો

# દુકાન- ત્રણ ગોડાઉનમાંથી ગોળના 180 ડબ્બા, 140 ગુણ મહુડો જપ્ત

ભાસ્કર ન્યૂઝ | નેત્રંગ

નેત્રંગ પોલીસ મથકના એ.એસ.આઈ ધરમસિંગ માનસિંગને ભરૂચ કંટ્રોલ રૂમ ઉપરથી વર્ધી મળી હતી કે નેત્રંગ મોવી રોડ ઉપર ચાર રસ્તા નજીક ભેરુનાથ ટ્રેડર્સમાં ગેરકાયદેસર રીતે ફટકડી અને નવસાર સહિત અખાદ્ય ગોળના જથ્થાનું વેચાણ થઈ રહ્યું છે.

નેત્રંગ પોલીસે તપાસ કરતાં 14 ડબ્બા અખાદ્ય ગોળનો જથ્થો મળી આવ્યો હતો .પોલીસે દુકાનમા હાજર વ્યક્તિને પૂછપરછ કરતાં આ દુકાન વાલિયા ગામની રુદ્રાક્ષ રેસિડેન્સીમાં રહેતો ગોપાલ ભોમરાજ રૂપાજી ગુર્જરની હોવાની જણાવ્યુ હતું .ત્યાંથી પોલીસે આ દુકાનના માલિકના નેત્રંગ એ.પી.એમ.સીના ત્રણ ગોડાઉનમાં આવેલ 1/E ગોડાઉનમાં 180 ટીનના અખાદ્ય ગોળના ડબ્બા જેમાં 4500 કિલો જેની કિંમત 99 હજાર ,1/F ગોડાઉનમાંથી 140 કોથળામાં મહુડો ભરેલો હતો જેમાં 4200 કિલો જેની કિંમત 42 હજાર અને 9/D ગોડાઉનમાં તપાસ કરતા 110 ગોળના રવા 990 કિલો જેની કિંમત 21780 મળી ત્રણેય ગોડાઉનમાં તપાસ કરતાં તેમાંથી ગોળના 180 ડબ્બા અને 140 નંગ મહુડાના ફૂલનો જથ્થો મળી આવ્યો હતો .પોલીસે ગોપાલ ગુર્જરના દુકાન અને ત્રણેય ગોડાઉનમાંથી કુલ 1.80 લાખનો મુદ્દામાલ કબ્જે કર્યો હતો. તમામ જથ્થાના સેમ્પલ એફએસએલમાં મોકલી આપી વધુ તપાસ હાથ ધરી છે.

**DATE: 26/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–01**

### પોલીસે કેમિકલ તેમજ ટેમ્પો મળી કુલ 5.68 લાખ રૂપિયાનો મુદ્દામાલ જપ્ત કર્યો

# જીતાલીના ગોવર્ધન એસ્ટેટમાંથી 3400 લિટર શંકાસ્પદ મિક્સ સોલ્વન્ટ ઝડપાયું

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

ભરૂચ એસ.ઓ.જી પોલીસ ની ટીમ અંકલેશ્વર વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતી તે દરમિયાન જીતાલી ગામ ખાતે આવેલ ગોવર્ધન એસ્ટેટના ગોડાઉન માં શંકાસ્પદ મિક્સ સોલવન્ટનો જથ્થો લોડ-અનલોર્ડ કરાતો હતો .
જેના આધારે એસ.ઓ.જી. પોલીસની ટીમ સ્થળ પર સર્ચ ઓપરેશન હાથ ધર્યું હતું. જ્યાં એક ટેમ્પોમાંથી પ્લાસ્ટિકના ડ્રમ 2 ઈસમો ઉતારી રહ્યા હતા. પોલીસે બંનેને અટકાવી ડ્રમમાં શું છે તે અંગે પૂછપરછ કરતા બંને ઈસમો એ અંદર મિક્સ સોલ્વન્ટનો જથ્થો છે.
જે જથ્થા અંગે જરૂરી બિલ તેમજ આધાર પુરાવા માંગતા બંને ઈસમો ગલ્લા તલ્લા કરવા લાગ્યા હતા એસ.ઓ.જી પોલીસ એ નોટીફાઈડ રહેણાંક વિસ્તારમાં સીટી સેન્ટર ખાતે આવેલ ગણેશ પાર્ક એપાર્ટમેન્ટ ખાતે રહેતા મેહુલ રૂખડ મેવાડા અને રમેશ કેશવ સિંહ પટેલ ની અટક કરી હતી તેમજ ટેમ્પા માં રહેલા 14 બેરલ અને નીચે ઉતારેલા
3 બેરલ મળી કુલ 19 બેરલ માં 3400 લિટર શંકાસ્પદ પાણી જેવા રંગનું કેમિકલ (મિક્સ સોલ્વન્ટ) નો જથ્થો કિમત રૂપિયા 68000 તેમજ ટેમ્પો કિમત રૂપિયા 5 લાખ મળી કુલ 5.68 લાખ રૂપિયા નો જથ્થો જપ્ત કર્યો હતો. તેમજ સી.આર.પી.સી 41 (1) ડી મુજબ બંને ઈસમો વિરુદ્ધ ગુનો નોંધી રૂરલ પોલીસ ના
હવાલે કરી શંકાસ્પદ કેમિકલ ના સેમ્પલ લઇ એફ.એસ.એલ માં મોકલી આપી જીપીસીબી ને પણ ઝડપાયેલ કેમિકલ અંગે જાણ કરી હતી.

**DATE: 27/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–02**

### કાયદો બધા માટે સરખો, ટ્રાફિક પોલીસે દાખલો પુરો પાડ્યો

# એમએલએ ગુજરાત લખેલી કારની પણ બ્લેક ફિલ્મ ઉતારી દંડ ફટકાર્યો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર



અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસે ટ્રાફિક એમ.એલ.એ ગુજરાત લખેલી ઓલપાડના ધારાસભ્યના પરિવારની કારની પણ બ્લેક ફિલ્મ ઉતારી દંડ ફટકાર્યો હતો. કાયદો બધા માટે સરખો હોય છે. તેનો દાખલો અંકલેશ્વર એ ડિવિઝન પોલીસે બેસાડ્યો હતો. અંકલેશ્વર માં ટ્રાફિક નિયમનો ભંગ કરનાર લોકો સામે દંડનીય કાર્યવાહી કરી હતી.

ભરૂચ જિલ્લાના અંકલેશ્વર શહેરના ચૌટા નાકા વિસ્તારમાં પોલીસ દ્વારા ટ્રાફિક ડ્રાઈવ હાથ ધરવામાં આવી હતી. જેમાં અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસે દરેક વ્યક્તિ માટે કાયદો એક સમાન હોવાનું ઉત્તમ ઉદાહરણ આપ્યું હતું અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ દ્વારા ચૌટા નાકા વિસ્તારમાં વાહન ચેકિંગ હાથ ધરવામાં આવ્યું હતું. જેમાં ટ્રાફિક નિયમનો ભંગ કરનાર કેટલાક વાહનચાલકો સામે પોલીસની તવાઈ બોલાવી હતી. જોકે, દરેક વ્યક્તિ માટે કાયદો એક સમાન હોવાથી અંકલેશ્વર શહેર એ' ડિવિઝન પોલીસે વિશેષ ટ્રાફિક ડ્રાઈવ હાથ ધરી હતી. જેમાં વાહન પર બ્લેક ફિલ્મ સહિત એમ.એલ.એ લખેલ પ્લેટ જોવા મળતા ઉભા રખાયાં હતાં. આ સાથે જ વાહન પરથી બ્લેક ફિલ્મ સહિત એમ.એલ.એ લખેલ પ્લેટ દૂર કરી જે તે વાહન ચાલક વિરુદ્ધ દંડનીય કાર્યવાહી હાથ ધરી હતી. ઓલપાડના ધારાસભ્ય મુકેશ પટેલના પરિવારના સભ્યએ એમ.એલ.એ પ્લેટ કાચ આગળ મૂકી ગાડી ચલાવી રહ્યો હતો. જો કે કાર માં એમ.એલ.એ હાજર ના હતા. જેને લઈ પ્લેટ પણ પોલીસ દ્વારા દૂર કરાવી હતી. બીજી તરફ, અંકલેશ્વર શહેર એ ડિવિઝન પોલીસ ટ્રાફિક ડ્રાઈવ પગલે ટ્રાફિક નિયમનું ઉલ્લંઘન કરતાં અન્ય વાહનચાલકોમાં પણ ફફડાટ ફેલાયો હતો

**DATE: 27/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### કારલોનકૌભાંડ : ઠગ ટોળકી શિક્ષિકાના નામે 2 કરોડની લોન મેળવી 14 કાર ખરીદી ફરાર થઇ ગયાં હતાં

# શિક્ષિકા સાથેની ઠગાઈ કેસમાં વધુ 3 કાર રિકવર

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરમાં શિક્ષિકાના નામ પર કરોડોની લોન લઈને કારની ખરીદી કરી છેતરપિંડી કરી લઈ ગયેલી વધુ 3 લક્ઝરીયસ કાર ભરૂચ એસ.ઓ.જી પોલીસ એ રિકવર કરી હતી. પોલીસે અલગ અલગ રાજ્યોમાંથી ચાર ફોરવીલ કાર ગત 21 જુલાઈ ના રોજ પણ રિકવર કરી હતી. એક મહારાષ્ટ્ર મુંબઈ અને 2 દિલ્હી થી કિયા સોનેટ કાર રિકવર કરી અંકલેશ્વર લઇ આવી હતી. આરોપીએ અલગ અલગ શોરૂમમાંથી 14 કારની ખરીદી કરાઈ હતી.



અંકલેશ્વરની શિક્ષિકાના પતિને બાળપણના ખાસ મિત્ર એ ટ્રાવેલ્સના ધંધામાં લાખોની કમાણી ના સ્વપ્ન બતાવી શિક્ષિકા અને તેના પતિને ભોળવી તેમના નામે અલગ અલગ બેંકમાંથી રૂ. 2.06 કરોડની લોન લઈ ભરૂચ, વડોદરા, અંકલેશ્વર, મુંબઈ તથા રાયપુર ખાતેના જુદાજુદા શોરૂમમાંથી 14 નવી નક્કોર લક્ઝુરિયસ કાર ખરીદી રફુચક્કર થઈ ગયા હતા. આ મામલે શિક્ષિકાએ અંકલેશ્વર પોલીસ મથકમાં છેતરપિંડી અંગેની ફરિયાદ ગત 29 મી માર્ચ ના રોજ નોંધાવી હતી.જે બાદ ભરૂચ સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ આ મહાઠગાઈના કાંડમાં સંડોવાયેલાં ભરૂચના વચેટીયા એવા સમીર મહારાઉલજી ને ઝડપી પાડ્યો હતો. આ મામલે SOG પોલીસે ગુનાની ગંભીરતા જાણીને ગુનાના આરોપી ઓ તથા ગાડી ની શોધખોળ કરવાની કામગીરી અન્વયે પોલીસ ઈન્સ્પેક્ટર એ.એ.ચૌધરી એ અલગ અલગ ટીમો બનાવી સીસીટીવી, ટેકનિકલ સર્વેલન્સ, હ્યુમન રિસોર્સની મદદથી ઊંડાણપૂર્વક તપાસ કરીને તપાસ હાથ ધરી હતી. એમ.પી. યુ.પી. અને મહારાષ્ટ્ર થી ચાર ગાડી એસ.ઓ.જી પોલીસે ગત 21 મી જુલાઈ ના રોજ રિકવર કરી હતી. જે ગુના માં કુલ 14 ગાડી ખરીદ કરી હતી જે મામલે પુનઃ એકવાર એસ.ઓ.જી પોલીસ દ્વારા સીસીટીવી, ટેકનિકલ સોર્સ, હ્યુમન સોર્સ થી મુંબઈ ખાતે થી એક કાર, તેમજ દિલ્હી ખાતે થી 2 કિયા સોનેટ કાર મળી 51.50 લાખ રૂપિયાની કિંમત ની 3 કારો રિકવર કરી અંકલેશ્વર લઇ આવી હતી. આ ઉપરાંત આ ગુનામાં નાસતા ફરતા માસ્ટર માઈન્ડ આરોપી રાહુલ ઉર્ફે સચિન ગિરીશ શાહ,મહેશ રતિલાલ લિમ્બાંચિયા અને ઝડપી પાડવાની તજવીજ ચલાવી છે. તેમજ 14 પૈકી હજુ 7 કાર રિકવર કરવાની બાકી છે. ત્યારે એસ.ઓ.પી પી.આઈ. એ.એ. ચૌધરી દ્વારા અલગ અલગ ટીમ બનાવી આરોપી તેમજ અન્ય કારો પણ રિકવર કરવાની તજવીજ શરૂ કરી હતી.

**DATE: 27/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### પત્ની નોકરીએથી આવવાની હોઇ પતિ પાછળના દરવાજાને માત્ર કુંડી મારી ગયાં હતાં

# બાકરોલ ગામે ધોળા દિવસે સોનાની બુટ્ટી ચોરનાર ગણતરીના કલાકોમાં જ ઝડપાયો

ભાસ્કર ન્યૂઝ | અંકલેશ્વર

અંકલેશ્વરના બાકરોલ ગામે ધોળેદિવસે એક ઘરમાંથી સોનાની બુટ્ટી ચોરી કરનાર ગઠિયાને પોલીસે ગણતરીના કલાકોમાં જ ઝડપી પાડ્યો હતો. પોલીસે તેની પાસેથી મુદ્દામાલ કબજે કરી અન્ય કોઈ ગુનો કર્યો છે કે કેમ તેની તપાસ શરૂ કરી છે.

અંક્લેશ્વર તાલુકાના બાકરોલ ગામ ખાતે સ્કૂલ ફળિયામાં રહેતા જ્યોત્સના મનોજ ચૌહાણ પાનોલી જીઆઈડીસી માં નોકરી પર થી છૂટી ને ઘરે આવવાના હતા.



તેમને લેવા માટે તેમના પતિ ઘર ના પાછળ ના દરવાજા નું કુંડી બંધ કરી આગળ ના દરવાજા ને લોક મારી લેવા ગયા હતા. દરમિયાન બપોરે અડધા કલાક માં ઘર ના પાછળ ના વાડા માંથી પાછળ ના દરવાજા ની કુંડી ખોલી ઘરમાં પ્રવેશ કર્યો હતો અને ઘરમાં રહેલા 2 કબાટ ના લોક તોડી અંદર થી સોના ની બુટ્ટી કિંમત રૂપિયા 15000 ની ચોરી કરી ફરાર થઈ ગયા હતા . ચોરી અંગે જોશનાબેન ને જાણ થતા તેઓ દ્વારા પાનોલી પોલીસ મથકે જાણ કરતા પોલીસ કાફલો સ્થળ પર દોડી આવ્યો હતો. અને 15હજાર ની સોના ની બુટ્ટી ની ચોરી નો ગુનો નોંધી વધુ તપાસ આરંભી હતી. પાનોલી પી.એસ.આઈ. વાઢેર દ્વારા તપાસ શરુ કરી હતી અને હ્યુમન ઈન્ટેલિજન્સ ની મદદ થી તપાસ શરુ કરતા ચોક્કસ માહિતી મળી હતી કે નોબેલ માર્કેટ ખાતે આમિર યુનુસ સિદ્દીકી એ ચોરી કરી છે. જે આધારે પોલીસે તેને ઝડપી પાડ્યો હતો. અને તેની ઝીણવટભરી પૂછપરછ કરતા તે પોલીસ સમક્ષ ભાંગી પડ્યો હતો અને ચોરી ની કબૂલાત કરી હતી. પોલીસ તેની પાસે થી ચોરી ની સોના ની 15હજાર રૂપિયા ની બુટ્ટી પણ રિકવર કરી હતી. તેમજ તેની અન્ય ચોરી માં સંડોવણી છે કે કેમ તે અંગે વધુ પૂછપરછ શરૂ કરી હતી.

**DATE: 27/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

## અમદાવાદની ઘટના બાદ ભરૂચમાં પોલીસની ટ્રાફિક ડ્રાઇવ

# આમોદમાં 24 વાહનો પોલીસના હાથે દંડાયા, ₹ 9400ની વસુલાત

ભાસ્કર ન્યૂઝ | આમોદ

અમદાવાદના ઇસ્કોન બ્રિજ પર નબીરાએ 9 નિર્દોષ લોકોને વૈભવી કારથી કચડી નાખવાની ઘટના બાદ રાજ્યભરમાં પોલીસે ટ્રાફિક ડ્રાઇવ શરૂ કરી છે. જેના ભાગરૂપે ભરૂચ જિલ્લાના આમોદમાં ખાસ ઝૂંબેશ યોજી નિયમોનો ભંગ કરનારા 24 વાહન ચાલકો પાસેથી 9400 રૂપિયા ઉપરાંતના દંડની વસુલાત કરવામાં આવી છે.

ભરૂચ જિલ્લામાં ટ્રાફિકના નિયમોની એસીતેસી કરનારા વાહન ચાલકો સામે કડક હાથે કામ લેવા પોલીસે અભિયાન શરૂ કર્યું છે. આમોદ પીએસઆઇ અસ્વાલની ઉપસ્થિતિમાં ટ્રાફિક વિભાગના જમાદાર શંકર બાઉજીએ આમોદ ચાર રસ્તા ખાતે ટ્રાફિક ડ્રાઇવ હાથ ધરી હતી. બેફામ વાહન હંકારતા વાહન ચાલકો સહીત આર.ટી.ઓ ના નિયમનોનો ભંગ કરનારા વાહન ચાલકો સામે કાર્યવાહી હાથ ધરી હતી. જેમાં નંબર પ્લેટ વગરના 13 વાહન, હેલ્મેટ વગર મોટર સાઇકલ હંકારતા 6 તેમજ લાઇસન્સ વિના વાહન હંકારનાર 5 ચાલકો સામે પોલીસે દંડાત્મક કાર્યવાહી હાથ ધરી હતી. પોલીસે 9,400 રૂપિયાનો દંડ વસુલ કર્યો હતો. આડેધડ વાહનો પાર્ક કરનાર વાહન ચાલકોને પણ પોલીસે સૂચના આપી હતી. રસ્તામાં અવરોધરૂપ વાહન પાર્ક કરનાર સામે પણ દંડાત્મક કાર્યવાહી કરવામાં આવશે.

**DATE: 27/08/2023 CATEGORY: GREEN**
**E-PAPER DIVYABHASKAR PAGE–04**

### માતા પિતાએ પોતાના બચાવ માટે પોલીસમાં અરજી આપી હતી

# નશાની હાલતમાં વૃદ્ધ માતા પિતાને મારઝૂડ કરતા દીકરાને પાઠ ભણાવ્યો

ભાસ્કર ન્યૂઝ | ભરૂચ

જંબુસરના એક ગામમાં યુવાન દારૂનો નશો કરીને પોતાના જ માતા-પિતાને માર મારતો હતો.જેની જાણ થતાં અભયમની ટીમે તેનું કાઉન્સિલિંગ કરવા છતાં નહીં સમજતાં પોલીસમાં અરજી કરાઈ હતી.

જંબુસર તાલુકાના ગામના એક વૃદ્ધ માતા ને તેમનો દીકરો નસો કરીને મારઝૂડ કરતાં વૃદ્ધાએ અભયમની મદદ માંગતા ટીમ ઘટનાસ્થળે તાત્કાલિક પહોંચી વૃદ્ધ માતા પિતા સાથે વાતચીત કરતાં વૃદ્ધા માતાએ જણાવ્યું કે તેમનો એક દીકરો અને બે દીકરી છે. એક નો એક દીકરો હોવાથી કામ ધંધો કરવા મોકલતા ન હતા. અને દીકરો આખો દિવસ નશો કરતો અને માતા પિતા તેમને પૈસા આપતા હતા . માતા પિતા ને નશો કરી અપશબ્દ બોલતો તેથી તેમણે પૈસા આપવાનું બંધ કરી દીધું તેથી દીકરો મારઝૂડ કરતો. છેલ્લા પાંચ છ વર્ષ થી હેરાન કરતો હતો .છોકરા ની ઉંમર વધી જતા માતા પિતાએ તેને કામધંધો કરવા જવા કહ્યું. અને પૈસા આપવાના બંધ કરી દીધા તો દીકરો અનાજ વેચી દારૂ પીતો.અને દીકરી ઘરે આવતા દીકરી ને બધા પૈસા આપે છે તેમ કહી મારઝુડ કરી મારી નાખવાની ધમકી આપતો હતો જેથી મારઝૂડ દ્વારા તેમના છોકરા નું કાઉન્સિલિંગ કર્યું હતું પરંતુ વૃદ્ધનો દીકરો નસાની હાલતમાં હોવાથી સમજી શકે તેમ ન હતો જેથી તેમના માતા પિતા ને કાયદાકીય માહિતી આપી. માતા પિતાને પોતાના બચાવ માટે નજીક ના પોલીસ સ્ટેશનમાં અરજી આપવામાં આવી હતી .